# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૯/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'રિવાઈવીંગ ઈન્ડિયન ઈકોનોમી થ્રુ એમએસએમઇ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે 'રિવાઇવીંગ ઇન્ડિયન ઇકોનોમી થ્રુ એમએસએમઇ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ટેકનોક્રેટ તેમજ સ્માર્ટ સિટી/ઇન્ફ્રાસ્ટ્રકચર મેનેજમેન્ટ એકસપર્ટ શ્રી મૃગેશ પવારે કોરોનાની વૈશ્વિક મહામારીના સમયગાળા દરમિયાન તેમજ ત્યારબાદ ભારતના લઘુ ઉદ્યોગો માટે ઉભી થનારી બિઝનેસની નવી તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, સુરત સહિત આખું દક્ષિણ ગુજરાત એમએસએમઇ હબ તરીકે ઓળખાય છે ત્યારે હાલમાં કોરોનાને કારણે લોકડાઉનની સ્થિતિમાં લઘુ ઉદ્યોગ સૌથી વધુ પ્રભાવિત થયો છે. આથી તેને ફરીથી બેઠો કરવા માટે શું પ્રયાસો કરવા પડશે તેમજ કોરોના બાદ બિઝનેસ માટે નવી તકો સર્જાશે કે કેમ? તેના માર્ગદર્શન માટે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી મૃગેશ પવારે જણાવ્યુ હતુ કે, કોરોનાને કારણે લઘુ ઉદ્યોગો ઉપર જે અસર પડી છે તે દિન પ્રતિદિન વધતી જઇ રહી છે. વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં આની થોડી ઓછી અસર જોવા મળી રહી છે છતાં આપણને ખૂબ જ સાવચેતી રાખવી પડશે. જો કે, કોરોનાને કારણે ભારતના લઘુ ઉદ્યોગો માટે મેડીકલ ટેક્ષટાઇલમાં બિઝનેસ માટે ઘણી નવી તકો ઉભી થઇ છે.

તેમણે જણાવ્યુ હતુ કે, કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે ડ્રગ્સ, મેડીસીન્સ, માસ્ક, એપ્રન્સ, ગ્લોઝ, વેન્ટીલેટર્સ, પીપીઇ, સેનીટાઇઝર્સ, ફૂડ આઇટમ્સ, ગ્રોસરીઝ, ગારમેન્ટ વિગેરેની ખેંચતાણ ઉભી થઇ છે. આનો એડવાન્ટેજ લઇને ભારતના લઘુ ઉદ્યોગો આ બધી વસ્તુઓના મેન્યુફેકચરીંગમાં જોડાઇ શકે છે. ખાસ કરીને અત્યારની સ્થિતિમાં ડ્રગ્સ, મેડીસીન્સ, માસ્ક, ગ્લોઝ, વેન્ટીલેટર્સ અને સેનીટાઇઝર્સની પુષ્કળ માંગ ઉભી થઇ હોવાથી તેના મેન્યુફેકચરીંગ માટે સૌથી મોટી તક છે અને ઓટોમોટીવ યુનિટ્સમાં મેન્યુફેકચરીંગ થઇ રહયું છે.

કોરોનાની સ્થિતિ બાદ પણ લઘુ ઉદ્યોગો માટે બિઝનેસની નવી તક ઉભી થશે. કારણ કે, વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારત સૌથી વધુ સુરક્ષિત દેશ છે. આથી વિશ્વના દેશો મોટાભાગે ભારત પાસેથી જ ફૂડ આઇટમ્સ, ગ્રોસરીઝ, પીપીઇ અને ગારમેન્ટ વિગેરેની ખરીદી કરવાનું પસંદ કરશે. ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી માટે એપ્રન્સ, પીપીઇ અને ગારમેન્ટ માટે સૌથી મોટી તકો ઉભી થશે. કોરોનાની અસર જેમ જેમ વધતી જશે તેમ આ બધી વસ્તુઓની માંગણીમાં પણ વધારો થતો જશે, જેનો સીધો લાભ ભારતને થશે. આ ઉપરાંત આઇટી સ્કીલમાં ડેવલપર માટે, ફાયનાન્શીયલ ટ્રેડીંગ માટે તેમજ મેડીકલ સ્ટાફ માટે ઘણી તકો ઉભી થનાર છે.

તેમણે ગ્લોબ ઇન્ટરનેશનલ ગૃપ થકી મેળવવામાં આવતી સુવિધા જેવી કે વર્કીંગ કેપીટલ, સફિશીયન્ટ ઓર્ડર કાઉન્ટ, પેમેન્ટ્સ એન્ડ ટાઇમલી રેવન્યૂ જનરેશન, પ્રોડકશન સ્ટાર્ટીંગ અપ ફોર્માલિટીઝ, બેંક એન્ડ ફાયનાન્શીયલ ઇન્સ્ટીટયુશન્સ બર્ડન અને ગર્વમેન્ટ એન્ડ રેગ્યુલેટરી કોમ્પ્લાયન્સીસ માહિતી આપી હતી. તેમણે વધુમાં કહયું હતું કે, ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ (એફડીઆઇ)ની મદદથી ઉદ્યોગ સાહસિકો નવું સાહસ કરી શકે છે. બંગ્લોરના પાંચ સ્ટાર્ટઅપ, હૈદરાબાદનો એક, ઇલેકટ્રીક બાઈક માટે રૂપિયા ર૫૦ કરોડનો મેગા પ્રોજેકટ પાઇપલાઇનમાં છે. મુંબઇ અને દિલ્હીના સાત એમએસએમઇ/આંત્રપ્રિન્યોર્સને રૂપિયા ૧.૫૦ કરોડ મુજબ ફંડ આપવામાં આવશે તેમ તેમણે જણાવ્યુ હતુ.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. દેશભરમાંથી ૧૫૦ જેટલા ઉદ્યોગ સાહસિકોએ વેબીનારમાં ભાગ લીધો હતો અને ખૂબ જ સારો પ્રતિભાવ તેમના તરફથી જોવા મળ્યો હતો. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.